ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

દૂધના વેપારી પાસેથી મકાન આપવાના બહાને ૨૦ લાખ ખંખેર્યા બાદ કબજો ન આપ્યો

નડિયાદમાં 'પ્રવાસી-૨' સ્કીમના નામે ₹ ૨૦ લાખની છેતરપિંડી

કોંગ્રેસના પૂર્વ કાઉન્સિલર જતીન પ્રવાસી અને રીઢા ગુનેગાર હારૂન દિવાન સામે ગુનો નોંધાયો

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૮

નડિયાદ શહેરમાં લોભામણી સ્કીમોના નામે નિર્દોષ નાગરિકોની પરસેવાની કમાણી લૂંટી લેતા ભેજાબાજો બેફામ બન્યા છે. યોગીનગર ખાતે 'પ્રવાસી-૨' સોસાયટીના નામે મકાન આપવાની લાલચ આપી એક વેપારી પાસેથી રૂ. ૨૦ લાખ પડાવી લઈ છેતરપિંડી આચરવાના કૌભાંડમાં નડિયાદ નગરપાલિકાના પૂર્વ કોંગ્રેસી કાઉન્સિલર જતીન પ્રવાસી અને પોલીસ ચોપડે ચડેલા રીઢા ગુનેગાર હારૂનશા જુમ્માશા દિવાન સામે નડિયાદ રૂરલ પોલીસે છેતરપિંડી અને વિશ્વાસઘાતનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

નડિયાદના મહાશક્તિ સોસાયટીમાં રહેતા અને દૂધનો વેપાર કરતા પ્રફુલ મોદીએ નોંધાવેલી ફરિયાદ અનુસાર, વર્ષ ૨૦૨૨માં આરોપી જતીન પ્રવાસી અને હારૂન દિવાને યોગીનગર ખાતે 'પ્રવાસી-૨' નામની સ્કીમ મૂકી હતી. આ સ્કીમમાં પ્રફુલ મોદીએ મકાન નંબર ૫૩ રૂ. ૨૦ લાખમાં ખરીદવાનું નક્કી કર્યું હતું. શરૂઆતમાં આરોપીઓએ રૂ. ૭ લાખ રોકડા લઈને કબજા વગરનો વેચાણ બાનાખત કરી આપ્યો હતો અને બાકીના રૂ. ૧૩ લાખ બેંક લોન મારફતે મેળવી લીધા હતા. વેપારી પાસેથી પૂરેપૂરા ૨૦ લાખ રૂપિયા વસૂલ કરી લીધા હોવા છતાં બંને આરોપીઓએ મકાનનું બાંધકામ પૂરું કર્યું ન હતું.

ન્યાય માગવા જતાં વધુ ૫ લાખની લૂંટ ચલાવવાનો પ્રયાસ !

આ કૌભાંડમાં માત્ર પ્રફુલ મોદી જ નહીં, પરંતુ અન્ય ૧૧ જેટલા પરિવારો પણ આ ભેજાબાજોની જાળમાં ફસાઈ ચૂક્યા હોવાનું બહાર આવ્યું છે. આ પરિવારોએ મકાનના પૂરેપૂરા નાણાં ચૂકવી દીધા હોવા છતાં તેમને મકાનનો કબજો સોંપવામાં આવ્યો નથી. આરોપીઓએ સોસાયટીની ચારેય તરફ દીવાલ ચણીને રસ્તાઓ બંધ કરી દીધા છે અને પ્રાથમિક સુવિધાઓના નામે મીંડું છે. હાલ આ તમામ પરિવારો બેંક લોનના હપ્તા ભરીને રાતા પાણીએ રોવાનો વારો આવ્યો છે.

દસ્તાવેજમાં રકમ ઓછી દર્શાવી સરકારી તિજોરીને ચૂનો ચોપડ્યો

જ્યારે મકાનનો દસ્તાવેજ કરવાનો સમય આવ્યો ત્યારે બંને ભેજાબાજોએ મૂળ માલિક તરીકે નીતિન પરમાર નામના શખ્સને ઊભો કરી દીધો હતો. દસ્તાવેજમાં ખરીદ-વેચાણની મૂળ રકમ ૨૦ લાખ હોવા છતાં માત્ર રૂ. ૧૫ લાખ દર્શાવીને સરકારી સ્ટેમ્પ ડ્યુટી અને રજિસ્ટ્રેશન ફીમાં ગોબાચારી આચરી સરકારી તિજોરીને પણ ચૂનો ચોપડવામાં આવ્યો હતો. બાદમાં વેપારીએ મકાનનો કબજો માગતાં આરોપીઓ વાયદાઓ આપવા લાગ્યા હતા અને આખરે ફોન ઉપાડવાના પણ બંધ કરી દીધા હતા. સોસાયટીમાં રસ્તા કે અન્ય પ્રાથમિક સુવિધાઓ પણ આપવામાં આવી ન હતી.

નવરાત્રીમાં પાણીની બોટલો આપવાના વિવાદમાં અમદાવાદમાં આખી રાત ગોંધી રખાયો

નડિયાદના પાણીના વેપારીનું ડભાણ ચોકડીથી અપહરણ

સસ્તા ભાવે પાણી સપ્લાય કરવાના કરાર રદ કરવા મુદ્દે સુરત-અમદાવાદના શખ્સોએ કારમાં ઉઠાવી લીધો

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૮

નડિયાદની ડભાણ ચોકડી પાસેથી જથ્થાબંધ પાણીનો વેપાર કરતા ૨૭ વર્ષીય યુવક રાહુલ જાનીનું નવરાત્રી દરમિયાન અમદાવાદના પાર્ટી પ્લોટમાં પાણીની બોટલો સપ્લાય કરવાના કરાર મુદ્દે થયેલી તકરારમાં કારમાં અપહરણ કરવામાં આવ્યું છે. સુરત અને અમદાવાદના શખ્સોએ વેપારીને લાફો ઝીંકી બળજબરીથી કારમાં બેસાડી અમદાવાદના એસ.પી. રિંગ રોડ સ્થિત સાંથસંગાથ પાર્ટી પ્લોટમાં આખી રાત ગોંધી રાખ્યો હતો અને રૂ. ૨૫,૦૦૦ પડાવી લીધા હતા. આ અંગે નડિયાદ રૂરલ પોલીસ મથકે ૬ આરોપીઓ સામે અપહરણ અને ખંડણીનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

નડિયાદની ડભાણ ચોકડી પાસે શ્રી બંગલોઝમાં રહેતા રાહુલ જાની જથ્થાબંધ પાણીની બોટલો અને ઠંડા પીણાંનો વ્યવસાય કરે છે. નવરાત્રી દરમિયાન અમદાવાદના અલગ અલગ પાર્ટી પ્લોટમાં પાણીના સ્ટોલ બાબતે રાહુલે ઈન્સ્ટાગ્રામ પરથી શિવમ પટેલનો સંપર્ક કર્યો હતો. શિવમ પટેલે તેને સ્ટોલ સંચાલકો સાથે સીધો સંપર્ક કરાવતા પ્રતિ બોટલ રૂ. ૬ના ભાવે સપ્લાય કરવાનું નક્કી થયું હતું, જેના માટે રાહુલે હેત પટેલ સહિત ૭ સંચાલકો પાસેથી રૂ. ૩ લાખ ડિપોઝીટ પેટે લીધા હતા.

દરમિયાન પ્લાસ્ટિકના ભાવ વધવાને કારણે એજન્સીએ જૂના ભાવે બોટલો આપવાની ના પાડી દેતાં રાહુલે તમામ સંચાલકોને કરાર રદ કરી ડિપોઝીટ પરત લઈ લેવા જણાવ્યું હતું. મોટાભાગના સંચાલકો માની ગયા હતા, પરંતુ હેત પટેલ અને શિવમ પટેલે જૂના ભાવે જ બોટલો આપવા રાહુલ પર દબાણ કરી ગાળાગાળી કરી હતી.

દહેગામના પ્લાન્ટ પર લઈ જઈ ઓનલાઈન નાણાં ટ્રાન્સફર કરાવ્યા

અપહરણકર્તા સવારે વેપારી રાહુલને ગોતા અને ત્યાંથી મોટેરા વિસ્તારમાં એક પાણીના વેપારી પાસે લઈ ગયા હતા, જ્યાં બોટલો ખરીદવા રાહુલે રૂ. ૨૫,૦૦૦ ઓનલાઈન ટ્રાન્સફર કર્યા હતા. માલ તાત્કાલિક મેળવવા આરોપીઓ તેને દહેગામ ખાતેના પાણીના પ્લાન્ટ પર લઈ ગયા હતા અને ત્યાંના કર્મચારીઓ સાથે પણ ઉગ્ર બોલાચાલી કરી હતી.

મોબાઈલ પડાવી પાસવર્ડ મેળવ્યો , ૧૦ દિવસ ગોંધી રાખવાની ધમકી આપી

કારમાં અપહરણ દરમિયાન જોષી નામના શખ્સે રાહુલ પાસેથી મોબાઈલ પડાવી બળજબરીથી પાસવર્ડ મેળવી આખો ફોન ચેક કર્યો હતો. આરોપીઓએ ધમકી આપી હતી કે જ્યાં સુધી પાણીની બોટલોની વ્યવસ્થા નહીં થાય ત્યાં સુધી તેને ૧૦ દિવસ પાર્ટી પ્લોટમાં જ રહેવું પડશે અને કોઈની સાથે વાત કરવા દેવામાં આવશે નહીં.

ટાટા હેરીયર કારમાં અપહરણ અને ગોંધી રાખવાની ઘટના

૯મી ઓક્ટોબરના રોજ સાંજે હેત પટેલ અને તેના સાગરીતો નડિયાદ આવ્યા હતા અને રાહુલને ડભાણ ચોકડી સ્થિત તુલસી હોટલે લઈ ગયા હતા. રાત્રે ૩ વાગ્યાની આસપાસ શિવમ પટેલ તેના સાગરીતો જોષી અને રવિરાજસિંહ સાથે કાળા કલરની ટાટા હેરીયર કાર લઈને ત્યાં પહોંચ્યો હતો. આ શખ્સોએ રાહુલને લાફો મારી બળજબરીથી કારમાં બેસાડી અપહરણ કર્યું હતું. રાહુલને અમદાવાદના સાંથસંગાથ પાર્ટી પ્લોટમાં આખી રાત ગોંધી રાખી ફોનનો ઉપયોગ કરવા દીધો ન હતો. ગભરાઈ ગયેલા રાહુલે આખરે દહેગામ ખાતેથી પાણીની બોટલો અપાવવાની હા પાડતા તેને છોડાયો હતો. બાદ સિંધુભવન રોડ પરના પાર્ટી પ્લોટ ખાતેથી રાહુલ તક જોઈને ભાગી છૂટ્યો હતો.

આણંદની મોગર પંચાયતનું બજેટ મંજૂર ના થતા સુપરસીડ કરાઈ

નાપાડ તળપદના તલાટીને વહીવટદારની જવાબદારી સોંપાઈ, પેટાચૂંટણીની શક્યતાથી રાજકીય ગરમાવો

(પ્રતિનિધિ) આણંદ, તા.૧૮

આણંદ તાલુકાના મોગર ગામની ગ્રામ પંચાયતને સુપરસીડ (બરખાસ્ત) કરવાનો હુકમ કરતાં સ્થાનિક રાજકીય વર્તુળોમાં ખળભળાટ મચી ગયો છે. ગ્રામ પંચાયત મોગર અગાઉનું વાર્ષિક બજેટ મંજૂર કરવામાં નિષ્ફળ રહેતાં શરૂ થયેલી વહીવટી કાર્યવાહી આખરે પંચાયતના સુપરસીડ સુધી પહોંચી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, મોગર ગ્રામ પંચાયત દ્વારા વાર્ષિક બજેટ મંજૂર કરવાની પ્રક્રિયા સમયસર પૂર્ણ કરવામાં આવી નહોતી. આ મુદ્દો ગંભીર બનતાં સમગ્ર મામલો આણંદ જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં ચર્ચા માટે રજૂ થયો હતો. સભામાં આ અંગે ચર્ચા-વિચારણા કર્યા બાદ નોંધ લેવામાં આવી હતી. ત્યારબાદ મોગર ગ્રામ પંચાયતને બરખાસ્ત કરવા માટેનો ઠરાવ રાજ્ય સરકારને મોકલવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જિલ્લા પંચાયત દ્વારા જરૂરી અહેવાલ અને સંબંધિત દસ્તાવેજો રાજ્ય સરકાર સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા.

આ સમગ્ર વહીવટી પ્રક્રિયા બાદ રાજ્ય સરકારની મંજૂરી મળતાં મોગર ગ્રામ પંચાયતને સુપરસીડ કરવાનો હુકમ કરવામાં આવ્યો છે. પંચાયત સુપરસીડ થતાં જ વહીવટી કામગીરીનું સંચાલન કરવા માટે નાપાડ તળપદ ગામના તલાટીને મોગર ગ્રામ પંચાયતના વહીવટદાર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

મોગર ગ્રામ પંચાયત સુપરસીડ થયા બાદ હવે આગામી સમયમાં પંચાયતની પેટાચૂંટણી યોજાવાની શક્યતા છે. ચૂંટણીની સંભાવનાને પગલે ગામમાં રાજકીય સમીકરણો, સંભવિત ઉમેદવારો અને સ્થાનિક રાજકીય જૂથોની ભૂમિકા અંગે ચર્ચાઓ શરૂ થઈ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ગ્રામ પંચાયતના વહીવટમાં વાર્ષિક બજેટ મંજૂરીની પ્રક્રિયા મહત્ત્વપૂર્ણ ગણાય છે. બજેટ સમયસર મંજૂર ન થતાં નિયમોનુસાર હાથ ધરાયેલી કાર્યવાહી બાદ મોગર પંચાયત સુપરસીડ કરાઈ છે.

આણંદ જિલ્લામાં રાત્રે ૮ થી ૧૦ વાગ્યા સુધી જ ફટાકડા ફોડી શકાશે

ચાઇનીઝ તુક્કલ, વિદેશી ફટાકડા અને ઓનલાઇન વેચાણ પર સંપૂર્ણ પ્રતિબંધ

(પ્રતિનિધિ) આણંદ તા.૧૮

આણંદ જિલ્લામાં આગામી દિવાળીના તહેવારો દરમિયાન શાંતિ, સલામતી, પર્યાવરણની જાળવણી અને અકસ્માત નિવારણ અર્થે આણંદ જિલ્લાના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ રાહુલ ગમારા દ્વારા સમગ્ર જિલ્લા માટે ફટાકડાના વેચાણ, વપરાશ અને સમય અંગેનું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.

આ જાહેરનામા અનુસાર દિવાળીના તહેવારો દરમિયાન રાત્રિના ૨૦-૦૦ થી ૨૨-૦૦ (૮ થી ૧૦) કલાક દરમિયાન જ ફટાકડા ફોડી શકાશે. હવા, અવાજ અને ઘન કચરાની સમસ્યા ઊભી કરતી ફટાકડાની લૂમ, ચાઇનીઝ તુક્કલ તેમજ વિદેશી ફટાકડાના ઉત્પાદન, આયાત, સંગ્રહ અને વેચાણ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ ઉપરાંત ફ્લિપકાર્ટ કે એમેઝોન જેવી ઈ-કોમર્સ વેબસાઈટ પરથી ફટાકડાનું ઓનલાઈન વેચાણ કે ઓર્ડર લઈ શકાશે નહીં.

હાનિકારક ધ્વનિ પ્રદૂષણ રોકવા માટે માત્ર અધિકૃત બનાવટ અને માન્ય ધ્વનિ સ્તર ધરાવતા જ ફટાકડા વેચી કે વાપરી શકાશે. હોસ્પિટલ, નર્સિંગ હોમ, શૈક્ષણિક સંસ્થાઓ, ન્યાયાલયો અને ધાર્મિક સ્થળોના ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારને 'સાઈલેન્ટ ઝોન' જાહેર કરાયો છે. શેરીઓ, જાહેર રસ્તાઓ, પેટ્રોલ પંપ અને એલ.પી.જી. ગોદામો નજીક ફટાકડા ફોડવા પર સખત મનાઈ છે. આ જાહેરનામું તારીખ ૩૧/૧૨/૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

આણંદમાં જમીન સોદા બાબતે વેપારી પર હુમલો

હુમલાખોરો જાનથી મારી નાખવાની ધમકી આપી ફરાર

(પ્રતિનિધિ) આણંદ તા.૧૮

આણંદ શહેરના સામરખા રોડ પર આવેલા આનંદ મેરેજ હોલ ખાતે જમીન સોદાની અદાવતમાં ૬૨ વર્ષીય વેપારી પર ત્રણ શખ્સોએ લાકડીઓ વડે હુમલો કરી માર માર્યો હતો. ગંભીર ઘવાયેલા વેપારીને ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા છે, જ્યારે આણંદ રૂરલ પોલીસે ત્રણ હુમલાખોરો સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

આણંદના પોલ્સન ડેરી રોડ પાસે રહેતા અને શાકભાજીનો વેપાર તથા મેરેજ હોલ ચલાવતા ઈલ્યાસભાઈ રહેમાનભાઈ વ્હોરા સાંજે સામરખા રોડ સ્થિત મેરેજ હોલ પર હાજર હતા. તે દરમિયાન એક્ટિવા પર આવેલા ઈરફાન ઉર્ફે હાફેજી વલાસણવાળા, અયુબ વ્હોરા અને એક અજાણ્યા શખ્સે ત્યાં આવીને 'અમારી પાસે જમીન રાખવાની વાત કરી બીજાને કેમ વેચાણ આપી?' તેમ કહી અપશબ્દ બોલવાનું શરૂ કર્યું હતું.

જોકે, વેપારીએ અપશબ્દ બોલવાની ના પાડતા બોલાચાલી ઉગ્ર બની હતી અને આરોપી ઈરફાને ઈલ્યાસભાઈના ડાબા પગ પર લાકડી મારતા લોહી નીકળ્યું હતું, જ્યારે અન્ય શખ્સોએ હાથના બાવડા પર લાકડીઓ ફટકારી હતી. વેપારી નીચે પડી જતા હોલના કર્મચારી તોફીક વ્હોરા, ઈરફાન વ્હોરા અને ભત્રીજા ઈમાને વચ્ચે પડી તેમને વધુ મારથી છોડાવ્યા હતા. આસપાસના લોકો ભેગા થઈ જતા હુમલાખોરો બીજી વાર હાથમાં આવશે તો જાનથી મારી નાખવાની ધમકી આપી ફરાર થઈ ગયા હતા.

ડાકોર-રાણીયા રોડ પર પાણીનો છંટકાવ ન થતાં ડમરીઓથી લોકોનું સ્વાસ્થ્ય કથળ્યું

નેશ ગામમાં કોન્ટ્રાક્ટરની બેદરકારી સામે ગ્રામજનોનો ઉગ્ર ચક્કાજામ

વારંવારની રજૂઆતો છતાં તંત્ર નિષ્ક્રિય રહેતાં ૨ કલાક વાહનવ્યવહાર ઠપ્પ

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૮

ડાકોરથી રાણીયા રોડ પર આવેલા નેશ ગામે રોડના નવીનીકરણની કામગીરીમાં કોન્ટ્રાક્ટર દ્વારા છેલ્લા બે માસથી પાણીનો છંટકાવ ન કરાતાં પરેશાન સ્થાનિકોએ રસ્તા પર ઉતરી ઉગ્ર ચક્કાજામ કર્યો હતો. વારંવારની રજૂઆતો છતાં તંત્ર અને કોન્ટ્રાક્ટર દ્વારા કોઈ પગલાં ન લેવાતાં લોકોના સ્વાસ્થ્ય પર વિપરીત અસર પડી રહી છે.

ડાકોર-રાણીયા રોડની કામગીરી છેલ્લા ૨ મહિનાથી ચાલી રહી છે, જેમાં નેશ ગામ પાસેથી પસાર થતા માર્ગ પર રસ્તો તોડી નાખ્યા બાદ પાણીનો છંટકાવ કરવામાં આવતો નથી. સતત ઉડતી ધૂળની ડમરીઓને કારણે આસપાસના ઘરો અને દુકાનોમાં ધૂળના થર જામી ગયા છે અને અનેક સ્થાનિકો બીમાર પડી રહ્યા છે.

તંત્ર અને કોન્ટ્રાક્ટરની નિષ્ક્રિયતાથી કંટાળીને અંતે સ્થાનિક ગ્રામજનો અને દુકાનદારોએ માર્ગ પર ઉતરીને આશરે ૨ કલાક સુધી વાહનવ્યવહાર રોકી દીધો હતો. આ દરમિયાન લોકોએ અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરના નામનો હુરિયો બોલાવીને આક્રોશ વ્યક્ત કર્યો હતો. ગ્રામજનોની સ્પષ્ટ માંગણી છે કે રોડની કામગીરી દરમિયાન દરરોજ નિયમિત પાણીનો છંટકાવ કરવામાં આવે, જેથી લોકોના આરોગ્ય સાથે થતાં ચેડાં અટકે અને સ્થાનિકોને ધૂળની સમસ્યામાંથી મુક્તિ મળે.

સ્થાનિક રહીશો અને વેપારીઓએ આ અંગે અધિકારીઓ તથા કોન્ટ્રાક્ટરને ૨ થી ૩ વખત રજૂઆતો કરી હોવા છતાં કોઈ ઉકેલ આવ્યો નથી. અધિકારીઓ માત્ર આશ્વાસન આપે છે, પરંતુ પાણીનું એક પણ ટેન્કર છંટકાવ માટે મોકલવામાં આવ્યું નથી.

બોરસદમાં રોડ ક્રોસ કરતા યુવકનું વાહનની ટક્કરે મોત

બોરસદ પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે તપાસ તેજ કરી

(પ્રતિનિધિ) બોરસદ તા.૧૮

બોરસદના તારાપુર-વાસદ થ્રી લેન રોડ પર ઓવરબ્રિજ પાસે તુલસી પાર્ટી પ્લોટની પાછળ ડીવાઈડર નજીક રોડ ક્રોસ કરી રહેલા ૪૨ વર્ષીય યુવક ગણપતભાઈ પઢીયારનું અજાણ્યા વાહનની જોરદાર ટક્કરે માથામાં કપાળના ભાગે ગંભીર ઈજાઓ થવાથી ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યું છે. આ અકસ્માત સર્જી વાહનચાલક અંધારાનો લાભ ઉઠાવી વાહન સાથે ફરાર થઈ ગયો હતો.

બોરસદ તાલુકાના સીંગલાવ રોડ પર આવેલા મોર વાડીયુ સીમ વિસ્તારમાં રહેતા દીપકભાઈ ભલુભાઈ પઢીયારના નાના ભાઈ ગણપતભાઈ ભલુભાઈ પઢીયાર (ઉ.વ. ૪૨) ગત ૧૬ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ સાંજના સમયે પોતાના ઘરેથી પગપાળા ફરવા નીકળ્યા હતા. રાત્રિના ૧૧ વાગ્યા પહેલાં બોરસદ-તારાપુર-વાસદ થ્રી લેન રોડ પર હાઈવેના મધ્યમાં આવેલા ડીવાઈડરની પ્રથમ લેન પાસે તેઓ રસ્તો ઓળંગી રહ્યા હતા, ત્યારે પૂરઝડપે આવી ચઢેલા અજાણ્યા વાહને તેમને જોરદાર ટક્કર મારી હતી.

આ દુર્ઘટનામાં ગણપતભાઈ રોડ પર પટકાતા ગંભીર ઈજા થતાં તેમનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું. આ અંગે મૃતકના ભાઈ દીપકભાઈ પઢીયારની ફરિયાદના આધારે બોરસદ શહેર પોલીસે અકસ્માત સર્જી નાસી ગયેલા અજાણ્યા વાહનચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

SP યુનિવર્સિટીના ૪ પ્રાધ્યાપકોનો 'ટોપ ૨ ટકા વૈજ્ઞાનિકો'ની યાદીમાં સમાવેશ

સંશોધનપત્રો અને સાયટેશન્સના આધારે સ્ટેનફોર્ડ તથા 'એલ્સેવિયર' દ્વારા વૈશ્વિક રેન્કિંગ જાહેર

(પ્રતિનિધિ) આણંદ તા.૧૮

વલ્લભ વિદ્યાનગર સ્થિત સરદાર પટેલ યુનિવર્સિટી માટે અત્યંત ગૌરવપૂર્ણ ક્ષણ સર્જાઈ છે, જ્યાં સ્ટેનફોર્ડ યુનિવર્સિટી અને વૈશ્વિક શૈક્ષણિક પ્રકાશન સંસ્થા 'એલ્સેવિયર' દ્વારા જાહેર કરવામાં આવેલી વિશ્વના ટોચના ૨ ટકા વૈજ્ઞાનિકોની પ્રતિષ્ઠિત યાદીમાં યુનિવર્સિટીના ચાર પ્રાધ્યાપકોએ ઝળહળતું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

આ આંતરરાષ્ટ્રીય સ્તરનું મૂલ્યાંકન વૈજ્ઞાનિકોના ઉત્કૃષ્ટ સંશોધનપત્રો, તેમના શૈક્ષણિક પ્રભાવ અને સાયટેશન્સના આધારે કરવામાં આવ્યું છે. યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રીએ ચારેય અધ્યાપકોને આ વિશેષ સિદ્ધિ બદલ હાર્દિક અભિનંદન પાઠવ્યા છે. આ સિદ્ધિ અંગે હર્ષ વ્યક્ત કરતા કુલપતિએ જણાવ્યું કે, આ સફળતા વર્ષોની કઠોર સાધના અને ગુણવત્તાસભર જ્ઞાનસર્જનનું પરિણામ છે, જે યુવા સંશોધકો અને વિદ્યાર્થીઓ માટે પ્રેરણારૂપ બનશે.

પ્રો. ડો. અરુણ આનંદ (ભૌતિકશાસ્ત્ર વિભાગ): ઓપ્ટિક્સ (પ્રકાશવિજ્ઞાન) ક્ષેત્રે



સમગ્ર કારકિર્દી દરમિયાન આપેલા પ્રદાનના આધારે વર્ષ ૨૦૨૩થી ૨૦૨૬ સુધી સતત સ્થાન અંકિત કર્યું છે.

પ્રો. ડો. પ્રજ્ઞેશ એન. દવે (રસાયણશાસ્ત્ર વિભાગ): કેમિકલ એન્જિનિયરિંગ અને સંબંધિત ક્ષેત્રના ઉચ્ચ સ્તરીય સંશોધનોના આધારે વર્ષ ૨૦૨૨થી ૨૦૨૬ સુધીના સમયગાળાની યાદીમાં સ્થાન મેળવવામાં સફળ રહ્યા છે.

પ્રો. ડો. મિલિંદ પ્રભાકર દેશપાંડે (વડા, ભૌતિકશાસ્ત્ર વિભાગ): એપ્લાઇડ ફિઝિક્સના સંશોધનકાર્ય થકી વર્ષ ૨૦૨૫ અને ૨૦૨૬ની યાદીમાં સતત સ્થાન મેળવી યુનિવર્સિટીનું ગૌરવ વધાર્યું છે.

પ્રો. ડો. સુનિલ ચાકી (ભૌતિકશાસ્ત્ર વિભાગ): ભૌતિકશાસ્ત્ર અને ખગોળશાસ્ત્ર અંતર્ગત એપ્લાઇડ ફિઝિક્સ ક્ષેત્રે સંશોધન કરતા પ્રો. ચાકી વર્ષ ૨૦૨૨થી ૨૦૨૬ સુધી સતત પાંચમા વર્ષે આ યાદીમાં સ્થાન જાળવી રાખીને વિશેષ સિદ્ધિ ધરાવે છે.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ.	ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225